Friday
21.02.2025
✳Volume :9 ✳ Issue No.218
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત — વંદે માતરમ્

# કમલમ્

KAMALAM — ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક — Daily

RNI No.:GUJGUJ/2016/73451

✳ Office: A-3, Plot No. R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳ Page :04 ✳ Rs. 00.25/- ✳ Annual Rs. 90/-




# નાણાંમંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ રજૂ કરેલા ૨૦૨૫-૨૬ના વર્ષના બજેટને આવકારતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ

## "વિઝન વિકસિત ગુજરાતનું, મિશન જનકલ્યાણનું" - ની પ્રતિબદ્ધતા દર્શાવતું બજેટ: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ



- ૫૦ હજાર કરોડનું વિકસિત ગુજરાત ફંડ
- ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને કનેક્ટિવિટીને સુદ્રઢ કરતી મહત્વપૂર્ણ જોગવાઈઓ
- બે નવા ગ્રીનફિલ્ડ એક્સપ્રેસ-વે: નમોશક્તિ એક્સપ્રેસ-વે તથા સોમનાથ-દ્વારકા એક્સપ્રેસ-વે અને ૧૨ નવા હાઈસ્પીડ કોરિડોર વિકસાવાશે, દાહોદ ખાતે નવા એરપોર્ટનું નિર્માણ કરાશે
- વર્લ્ડ ક્લાસ સિટી ડેવલપમેન્ટને વેગ આપવા ૨૦૨૫નું વર્ષ શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવાશે: શહેરી વિકાસના બજેટમાં ૪૦ ટકાનો વધારો, નવી મહાનગરપાલિકાઓના માળખાકીય વિકાસ માટે નાણાંકીય ફાળવણી
- ગરીબોને આવાસ માટે પીએમ આવાસ ગ્રામીણમાં અપાતી સહાય ૧.૭૦ લાખ રૂપિયા કરાઈ
- આદિજાતિના કલ્યાણ માટે વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત આ વર્ષે ૩૦ હજાર કરોડની રકમ ફાળવાશે
- રાજ્યના મત્સ્યોદ્યોગના વિકાસ માટે અભૂતપૂર્વ ૧૬૨૨ કરોડનું પેકેજ જાહેર
- બાળકોના પોષણ માટે રૂ. ૮૪૬૦ કરોડની બજેટ ફાળવણી

કમલમ્

મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલે ૨૦૨૫-૨૬ના વર્ષના ગુજરાતના બજેટને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં "વિઝન વિકસિત ગુજરાતનું, મિશન જન કલ્યાણનું"-ની પ્રતિબદ્ધતા દર્શાવતું બજેટ ગણાવ્યું છે. નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ વિધાનસભા ગૃહમાં પ્રસ્તુત કરેલા આ બજેટને તેમણે વડાપ્રધાનશ્રીના વિકસિત ભારતના વિઝનને આયોજનબદ્ધ રીતે પ્રજા કલ્યાણ યોજનાઓથી અમલમાં મૂકવાનો આલેખ ગણાવ્યું છે. આ માટે રૂ. ૫૦ હજાર કરોડના પ્રાવધાન સાથે વિકસિત ગુજરાતફંડની સ્થાપનાને તેમણે મહત્વપૂર્ણ ગણાવી છે. રાજ્યના અત્યાર સુધીના ઈતિહાસનું સૌથી મોટા કદના એટલે કે રૂ.૩.૭૦ લાખ કરોડના આ બજેટમાં કેપિટલ એક્સપેન્ડિચરમાં ગયા વર્ષની તુલનાએ ૨૧.૮% નો વધારો એ વિકાસ માટેનીપ્રતિબદ્ધતા છે એમ પણ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યુ કે, પ્રગતિ અને ઉન્નતિના નિત નવા આયામોસર કરતા ગુજરાતના સૌ નાગરિકોના જીવનને સુગમ્ય, સમૃદ્ધ અને સંતોષપ્રદ બનાવવાનો સફળ પ્રયાસઆ બજેટમાંથયો છે. અત્યાર સુધીમાંવિકાસની રાહ પર જ્યાં ગુજરાતછે તેનાથીવધુ ગતિએ ક્વોન્ટમ જમ્પ સાથે આગળ વધવાનું પ્રતિબિંબ આ બજેટ માં ઝિલાતું હોવાનો વિશ્વાસ પણ તેમણે વ્યકત કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કનેક્ટિવીટી માટે આ બજેટમાં કરવામાં આવેલી જોગવાઈઓને આવકારતા જણાવ્યું હતું કે, વિકસિત ગુજરાત માટે છ રિજીયોનલ ઈકોનોમિક પ્લાન તૈયાર કરવામાં આવશે. સુરત રિજન, અમદાવાદરિજન, વડોદરા રિજન, રાજકોટ રિજન, સૌરાષ્ટ્ર કોસ્ટલ રિજન અને કચ્છ રિજન એમ કુલ છ ગ્રોથ હબ બનાવવાનું આ બજેટમાં પ્રાવધાન છે. મુખ્યમંત્રીશ્રીએ સમગ્ર રાજ્યમાં વ્યાપક વર્લ્ડ ક્લાસ રોડ નેટવર્કનું માળખું સ્થપાય તે માટેઆ બજેટમાં કામોના આયોજનની ભૂમિકા આપીહતી. તેમણે કહ્યુંકે, વિકસિત ગુજરાતની દિશાને નવી ગતિ આપવા બે નવા ગ્રીનફિલ્ડ એક્સપ્રેસ-વે અને ૧૨ નવા હાઈસ્પીડ કોરિડોર વિકસાવવામાં આવશે. નમોશક્તિ એક્સપ્રેસ-વેના નિર્માણથી ઉત્તરગુજરાતના ડીસાને સૌરાષ્ટ્રના સમુદ્રીવિસ્તાર પીપાવાવ સાથે જોડવાથી કોસ્ટલ બેલ્ટના ઔદ્યોગિક, સામાજિક, આર્થિક વિકાસને વેગ મળશે. એટલું જ નહિ, સોમનાથ-દ્વારકા એક્સપ્રેસ-વેને અમદાવાદ, રાજકોટ અને દ્વારકા, સોમનાથ, પોરબંદર સાથે જોડવાના પ્રાવધાન અંગે જણાવ્યું હતું કેઆ માર્ગોના વિકાસથીદ્વારકા અને સોમનાથ જતા પ્રવાસીઓને વધુસરળ કનેક્ટિવીટીમળશે. આ ઉપરાંત રાજ્યમાં પ્રવાસીઓને વધુ સુવિધા પૂરી પાડવા માટે દાહોદ ખાતે નવા એરપોર્ટના નિર્માણની જાહેરાત તેમજ વડોદરા, સુરત, ભાવનગર અને પોરબંદર એરપોર્ટના અપગ્રેડેશન દ્વારા એરકનેક્ટિવીટી સુદ્રઢ કરવાની બાબતને પણ મુખ્યમંત્રીશ્રીએ વધાવી હતી. રાજ્યમાં પ્રવાસન પ્રવૃત્તિઓને વેગ આપવા અંબાજી કોરિડોર અને ધરોઈ ટુરિઝમ ડેવલપમેન્ટ પ્રોજેક્ટનો વિકાસ કરાશે તેમ પણ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રપટેલે જણાવ્યું હતું કે, રાજ્યના વર્લ્ડ ક્લાસ ડેવલપમેન્ટને વધુ ગતિઆપવા માટે ૨૦૨૫ના સમગ્ર વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવવામાં આવશે.આ માટે સમગ્રતયા શહેરી વિકાસના બજેટમાં૪૦%નો વધારો કરીને વધુ૩૧ હજાર કરોડ રૂપિયા આ બજેટમાંફાળવ્યા છે. આ સાથે જ નવી રચાયેલી મહાનગરપાલિકાઓ માટે માળખાકીય વિકાસસહિતના કામો માટે આ બજેટમાં નાણાંકીય ફાળવણી કરવામાં આવી છે. વડાપ્રધાનશ્રીએ જળસંચય માટે કરેલાઆહવાનનેઆગળ ધપાવવા માટે ગુજરાતના શહેરી ક્ષેત્રોમાં જનભાગીદારીથી 'કેચ ધ રેઈન' અભિયાનશરૂ કરીને ભૂગર્ભ જળ ઊંચા લાવવાની મુહિમ ઉપાડવામાં આવશે એમ પણ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીએ દરેક વ્યક્તિને માથે પાકીછત હોય એવું સપનું સેવ્યું છે, તે પ્રધાનમંત્રી આવાસ યોજનાથી સાકાર થઈ રહ્યુ છે. રાજ્યમાં પ્રધાનમંત્રી આવાસ યોજના માટે અપાતી સહાયમાં ૫૦ હજાર રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે.હવે દરેકલાભાર્થીને રૂ. ૧ લાખ ૭૦ હજારની સહાય આપવાની બજેટમાં જાહેરાત કરવામાં આવી છે એમ મુખ્યમંત્રીશ્રીએઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ આદિજાતિના વિકાસ માટે રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા વ્યક્તકરતા કહ્યુંહતું કે, અંબાજીથી ઉમરગામ સુધીના સમગ્ર આદિજાતિબેલ્ટમાં વસવાટ કરતાં વનબંધુઓના વિકાસ માટે ૩૦ હજાર કરોડ રૂપિયા બજેટમાં ફાળવ્યા છે. બજેટમાં ફાળવાયેલી આ રકમથીઆદિજાતિ વિસ્તારોમાં ઘર આંગણે શિક્ષણ, રોજગાર અને માળખાકીય સુવિધા વધારવાની નેમ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યુંહતુ કે,રાજ્યના મત્સ્યોદ્યોગના સર્વાંગી વિકાસ માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં ફિશરીઝએટલે કે બ્લૂ ઈકોનોમીને વેગ આપવા ગુજરાત પ્રતિબદ્ધ છે. સૌથી લાંબો દરિયાકિનારો ધરાવતું ગુજરાત મત્સ્યોદ્યોગમાંઅગ્રેસર છે અને મત્સ્ય ઉત્પાદન વૃદ્ધિ અને એમ્પ્લોયમેન્ટ જનરેશન માટે અભૂતપૂર્વ ૧૬૨૨કરોડ રૂપિયાની માતબર રકમનું પેકેજ બજેટમાં જાહેર કરવામાંઆવ્યું છે. આ પેકેજ દ્વારા માછીમારો માટે માળખાકીય સુવિધાઓનો વિકાસ, સ્ટોરેજ, પ્રોસેસિંગ અને એક્સપોર્ટ ઉપર ખાસ ભારમૂકવામાં આવ્યોછે તેમ તેમણે ઉમેર્યુ હતું. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતુ કે, દેશનીકૃષિ ક્રાંતિનો આધાર કૃષિ ક્ષેત્ર આધુનિક બને અને અન્નદાતા વધુ સક્ષમ બને તે રાજ્ય સરકારની પ્રાથમિકતા છે. કૃષિ ક્ષેત્ર માટે રૂ. ૧૬૧૨ કરોડ બજેટમાંફાળવીનેરાજ્યનાખેડૂતો અનેખેતીનો ખાસખ્યાલ રાખવામાં આવ્યો છે. આ ઉપરાંત, કૃષિ ઉત્પાદનના વેલ્યૂ એડિશન દ્વારા ખેડૂતની આવક વધારવા એગ્રો પ્રોસેસિંગ એન્ડ પ્રમોશન માટે આ બજેટમાં પ્રાવધાન છે તેનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએજણાવ્યું હતુંકે, આ બજેટમાં યુવાઓ, નારીશક્તિ અને બાળકોના પોષણ માટે પણ ખાસ જોગવાઈઓ કરવામાં આવી છે. યુવાશક્તિ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના આ યુગમાં વિશ્વ સાથેકદમ મિલાવીશકે તેમાટે સાત ટેકનિકલ સંસ્થાઓમાં એ.આઈ. લેબ અને સ્ટાર્ટઅપ માટે અનુકૂળ ઈકોસિસ્ટમ ઊભી કરીને સ્ટાર્ટઅપને વેગ આપવા ચાર રિજિયનમાં આઈ-હબની સ્થાપનાને તેમણે આવકારી હતી. મુખ્યમંત્રીશ્રીએ નારીશક્તિના સશક્તિકરણઅને આત્મનિર્ભરતા માટેનવી મહત્વપૂર્ણયોજના 'સખી સાહસયોજના' ઉલ્લેખકરતા કહ્યું હતુંકે, સ્વ-સહાયજૂથની બહેનોને આયોજનામાં સાધન સહાય, લોન ગેરંટી વગેરે માટે રાજ્ય સરકાર મદદરૂપ થશે. તેમણે કહ્યું હતું કે, ઉજ્જવળ આવતીકાલ સમા બાળકોના પોષણનો પણ આ બજેટમાં ખ્યાલરાખવામાં આવ્યો છે.આ માટે ગત વર્ષનાબજેટ કરતા ૨૫ ટકાનો વધારો કરીને ૮૪૬૦ કરોડનું બજેટ ફાળવ્યું છે. રાજ્યના આર્થિક વિકાસની સાથે સાથે સામાજિક સુરક્ષાની પણ દરકાર સરકારે કરી છે. તે સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રપટેલે જણાવ્યું હતું કે, જનતા જૂથઅકસ્માત વીમા યોજનામાં આપવામાંઆવતા વીમા સુરક્ષા કવચને બમણું એટલે કે બે લાખથી ચાર લાખ કરવામાં આવ્યું છે.

આ વીમા કવચનો લાભ લગભગ ૪ કરોડ૪૫ લાખથી વધુ લોકોને મળશે એમ પણ ઉમેર્યુ હતુ. તેમણે દિવ્યાંગજનો પ્રત્યેની સંવેદના વ્યક્ત કરતા કહ્યું હતું કે, દિવ્યાંગો માટેની પાત્રતા ૮૦ ટકાથી ઘટાડીને ૬૦ ટકા કરી છે. આના પરિણામે ૮૫ હજારથી વધુ દિવ્યાંગો લાભાર્થી બનશે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં સમગ્ર દેશ નેશન ફર્સ્ટની ભાવનાથી આગળ વધી રહ્યો છે. ગુજરાતનું આ જનકલ્યાણકારી બજેટ રાજ્યના પ્રત્યેક નાગરિકને વિકસિત રાષ્ટ્રના નિર્માણ માટે વિકસિત ગુજરાતનું નિર્માણ કરવા યોગદાન આપવા પ્રેરિત કરશે એવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતની પ્રગતિને વધુ તેજ બનાવનારું તેમજ વિકાસની ધારાથી કોઈ વર્ગ બાકાત ન રહી જાય તેવું સર્વગ્રાહી બજેટ આપવા માટે નાણામંત્રી શ્રી કનુભાઈ અને એમની ટીમનેઅભિનંદન આપ્યા હતા.







• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028

## તંત્રી સ્થાનેથી......

મલેશિયા-ઈન્ડિયા ડિફેન્સ કોઓપરેશન કમિટી (MIDCOM)ની ૧૩મી બેઠક ૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ કુઆલાલ્મ્લપુરમાં યોજાઈ હતી. આ બેઠકની સહ-અધ્યક્ષતા સંરક્ષણ સચિવ શ્રી રાજેશ કુમાર સિંહ અને મલેશિયાના સંરક્ષણ મંત્રાલયના મહાસચિવ શ્રી લોકમાન હકીમ બિન અલીએ કરી હતી. બંને પક્ષોએ તાજેતરનાં વર્ષોમાં બંને સશસ્ત્ર દળો વચ્ચે નિયમિત જોડાણ સાથે વધતા દ્વિપક્ષીય સંરક્ષણ સહકાર પર ખુશી વ્યક્ત કરી હતી. બંને પક્ષોએ દ્વિપક્ષીય સંરક્ષણ સંલગ્નતાઓ અને પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓને વધુ વિસ્તૃત કરવા માટે અસરકારક અને વ્યવહારિક પહેલો પર વિસ્તૃત ચર્ચા કરી હતી. બંને અધ્યક્ષોએ સાયબર સિક્યુરિટી અને એઆઈ જેવા ઉભરતા ક્ષેત્રોમાં સહકાર વધારવા માટેના પગલાઓની ઓળખ કરી. તેમણે વર્તમાન સહયોગ, ખાસ કરીને સંરક્ષણ ઉદ્યોગ, દરિયાઈ સુરક્ષા અને બહુપક્ષીય જોડાણોમાં વધુ મજબૂત બનાવવાના માર્ગોની ઓળખ કરી હતી. તેઓ બિન-પરંપરાગત દરિયાઈ સુરક્ષાના જોખમોને પહોંચી વળવા સંયુક્ત ધ્યાન કેન્દ્રિત જૂથની રચના કરવા સંમત થયા હતા. બંને પક્ષોએ વિસ્તૃત વ્યૂહાત્મક ભાગીદારીનાં સંરક્ષણ આધારસ્તંભ હેઠળ નવી પહેલોનો સંપૂર્ણ અમલ કરવાની કટિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો, જેની કલ્પના ઓગસ્ટ, ૨૦૨૪માં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી અને તેમનાં મલેશિયાનાં સમકક્ષ દાતો સેરી અનવર ઈબ્રાહિમની ભારત મુલાકાત દરમિયાન કરવામાં આવી હતી. ભારત અને મલેશિયાએ સ્ટ્રેટેજિક અફેર્સ વર્કિંગ ગ્રુપની સ્થાપના પર અંતિમ ટર્મ્સ ઑફ રેફરન્સ (ToR)નું આદાન-પ્રદાન પણ કર્યું હતું. આ ફોરમ દ્વિપક્ષીય સંરક્ષણ સહકારનાં તમામ પાસાંઓને આગળ વધારવા માટે MIDCOM અને બંને પેટા સમિતિઓ વચ્ચે મધ્યસ્થી સ્વરૂપે કામ કરશે. બંને પક્ષોએ MIDCOMનાં પરિણામ સ્વરૂપે Su-30 ફોરમની સ્થાપના પર અંતિમ ઈનું આદાન-પ્રદાન પણ કર્યું હતું. Su-30 ફોરમ Su-30 જાળવણીમાં કુશળતા અને શ્રેષ્ઠ પદ્ધતિઓનું આદાન-પ્રદાન કરવામાં બંને હવાઈ દળો વચ્ચે ગાઢ સહકારને સક્ષમ બનાવશે. સંરક્ષણ સચિવે ભારતીય સંરક્ષણ ઉદ્યોગની ક્ષમતા પર પ્રકાશ પાડ્યો હતો, ખાસ કરીને મલેશિયાની કંપનીઓ અને સશસ્ત્ર દળો સાથે તેમની ક્ષમતા વધારવા અને આધુનિકીકરણમાં તેમની સાથે જોડાણ કરવાની સંભવિતતા પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે આસિયાન અને આસિયાન સંરક્ષણ મંત્રીઓની બેઠક– પ્લસની અધ્યક્ષતા સંભાળવા બદલ મલેશિયાને અભિનંદન આપ્યા હતાં તથા આ વર્ષે એડીએમએમ પ્લસ અને આસિયાન ડિફેન્સનાં વરિષ્ઠ અધિકારીઓની બેઠકો યોજવા માટે મલેશિયાનાં સંરક્ષણ મંત્રાલયને શુભેચ્છા પાઠવી હતી. ભારત આસિયાનની મધ્યસ્થતા અને એકતાને ટેકો આપે છે, જે ભારતનાં ઈન્ડો-પેસિફિક વિઝનમાં મહત્ત્વપૂર્ણ પાસું છે.

# જળસંપત્તિ પ્રભાગ માટે કુલ રૂ.૧૩,૩૬૬ કરોડની જોગવાઈ

કમલમ્,

- દરિયામાં વહી જતા નર્મદાના પાણીને ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના સૂકા પ્રદેશમાં વાળવા સુજલામ સુફલામ પાઈપલાઈન યોજના માટે રૂ.૧૩૩૪ કરોડ, સૌની યોજના માટે રૂ.૮૧૩ કરોડ તથા કચ્છ માટેની યોજના હેતુ રૂ.૧૪૦૦ કરોડ એમ કુલ રૂ.૩૫૪૭ કરોડની જોગવાઈ.
- હયાત સિંચાઈ માળખાના વિસ્તરણ, સુધારણા અને આધુનિકીકરણ માટે રૂ.૧૫૨૨ કરોડની જોગવાઈ.
- ચોમાસામાં દરિયામાં વહી જતાં પાણીને રોકવા અંદાજે ૧ લાખ ૮૭હજાર કરતાંવધુ ચેકડેમોનાં બાંધકામ કરવામાં આવેલ છે. જેને આગળ વધારતાઆગામીવર્ષે ૩૨૬ મોટા ચેકડેમો-વિયર બાંધવા રૂ.૮૩૨ કરોડની જોગવાઈ.
- સાબરમતી નદી પર કુલ ૧૪ વિયર-બેરેજ બનાવવાના કરેલ આયોજનમાં પાંચ વિયર-બેરેજનાંકામો પૂર્ણ થયેલ છે જયારે ૩કામોપ્રગતિ હેઠળછે. બાકીરહેતા ૬કામોપૂર્ણકરવા રૂ.૭૫૦ કરોડની જોગવાઈ.
- જળાશય આધારીતઉદ્વહન સિંચાઈયોજના માટે રૂ.૮૧૩ કરોડની જોગવાઈ. જે પૈકી આદિજાતિ વિસ્તારમાં રૂ.૫૪૮કરોડની જોગવાઈ.
- ડેમ સેફટી માટે રૂ.૫૦૧ કરોડની જોગવાઈ.
- ભૂગર્ભજળ રીચાર્જ માટે જન ભાગીદારીથી જળસંચય અભિયાનને વેગવંતુબનાવવા રૂ.૧૦ કરોડની જોગવાઈ.
- રાજ્ય સરકારના અનેક કાર્યક્રમો દ્વારા અત્યાર સુધીમાં ૨૪ લાખ હેક્ટરથી વધુ વિસ્તાર સૂક્ષ્મ સિંચાઈ હેઠળ આવરી લેવાયો છે. જેનાથી અંદાજે ૧૬લાખ ખેડૂતોને લાભ મળ્યો છે.
- ખેડૂતો સૂક્ષ્મ સિંચાઈનો ઉપયોગ કરીને વધુ કૃષિ ઉત્પાદન મેળવી શકે તે માટે આ બજેટમાં રૂ.૧૨૫૦ કરોડનીજોગવાઈ કરવામાંઆવી છે. જે અંદાજે ૨ લાખ હેક્ટર વિસ્તાર આવરી લેશે અને રાજ્યમાં લગભગ ૧ લાખ ૨૫ હજાર ખેડૂતોને તેનો લાભ મળશે.
- ભાડભૂત યોજના: સમુદ્રની ભરતીનું ખારૂ પાણી નર્મદા નદીમાંપ્રવેશતુંઅટકાવવાભરૂચ જિલ્લાના ભાડભૂતગામે બેરેજનીયોજના પ્રગતિહેઠળ છે. જે માટે રૂ.૮૭૬ કરોડની જોગવાઈ.
- સરદાર સરોવર યોજના: ગુજરાતની સમૃદ્ધિમાં અમૂલ્ય યોગદાન આપનાર નર્મદા યોજનાથી રાજ્યના ૧૦,૪૫૩ ગામોઅને ૧૯૦ નગરોને ઘરવપરાશ માટે પાણી પૂરું પાડવામાં આવે છે. જેનામાટે રૂ.૫૯૭૯ કરોડની જોગવાઈ.
- અમદાવાદ જીલ્લાનાં નળકાંઠાના વિસ્તારમાં સિંચાઈ સુવિધા વધારવા માટે રૂ.૮૭૫ કરોડની જોગવાઈ.
- નર્મદા યોજનાના કમાન્ડ એરિયાના નહેરના વિસ્તરણ વિકાસના કામો માટે રૂ.૫૦૧ કરોડની જોગવાઈ.
- સૌરાષ્ટ્ર તથા કચ્છ શાખા નહેરનાપમ્પિંગ સ્ટેશન તથા હાઈડ્રોપાવર સ્ટેશન પર કુલ ૧૪જગ્યા પર સોલાર પ્રોજેક્ટમાટે રૂ.૩૦૦કરોડની જોગવાઈ.
- નર્મદામુખ્ય નહેર પર વધારાનાસ્ટ્રક્ચર તેમજ જાળવણીની કામગીરી માટે રૂ.૨૦૪ કરોડની જોગવાઈ.
- દિયોદરના ૧૪ ગામો અને સાંતલપુર તાલુકાના ૧૧ ગામોના હાઈ ગ્રાઉન્ડ અનકમાન્ડ વિસ્તાર માટે લિફ્ટ-ગ્રેવિટી પાઈપલાઈન પ્રોજેક્ટ માટે રૂ.૧૦૦કરોડની જોગવાઈ.

# ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ માટે રૂ. કુલ ૬૭૫૧ કરોડની જોગવાઈ

કમલમ્,

- રિન્યુએબલ ઊર્જામાં નવીનતા, સમાવેશીતા અને ટકાઉપણાનેપ્રોત્સાહન આપીને ઊર્જાની જરૂરિયાતોમાં આત્મનિર્ભરતા હાંસલ કરવા અમારીસરકાર સતત પ્રયત્નશીલ છે. પી.એમ. સૂર્યઘર યોજનાના અમલીકરણમાં ગુજરાત ૪૦%ના યોગદાન સાથે સમગ્રદેશમાં અગ્રેસર છે.
- ગ્લોબલ RE ઈન્વેસ્ટ સમિટ-૨૦૨૪માં રાજ્યને રિન્યુએબલ પાવર ક્ષમતાપ્રાપ્ત કરવાની મહત્ત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરવા બદલ અલગ અલગ કેટેગરીમાં હાઈએસ્ટ અચિવર સ્ટેટ તરીકેનો પુરસ્કાર મળેલ છે. જે સાબિત કરે છે કે ગુજરાતે પુન:પ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે આત્મનિર્ભરતાની દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું ભર્યું છે.
- ખેડૂતોને દિવસે વીજળી આપવાની કિસાન સૂર્યોદય યોજનાઅંતર્ગત રૂ.૨૧૭૫ કરોડની જોગવાઈ.
- આદિજાતિ તથા અન્ય વિસ્તારોમાં નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવા માટે રૂ.૯૮૭ કરોડની જોગવાઈ.
- સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના હેઠળ નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવા માટે રૂ.૧૩૨ કરોડ અને નવા સબસ્ટેશનો સ્થાપવા માટે રૂ.૨૫૦કરોડની જોગવાઈ.
- રાજ્યમાં ઈલેક્ટ્રિક વ્હિકલ(EV) ચાર્જીંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરસુવિધાઓના વિકાસમાટે રૂ.૫૦ કરોડની જોગવાઈ.
- રિવેમ્પ્ડ ડિસ્ટ્રીબ્યુશન સ્કીમ અંતર્ગત વીજ વિતરણ વ્યવસ્થાના સુદ્રઢીકરણ માટે માળખાકીય સુવિધાઓના અપગ્રેડેશન અને સ્માર્ટ મીટરનીયોજના માટે રૂ.૯૩૬ કરોડની જોગવાઈ.
- આદિજાતિ વિસ્તારોમાં નવા સબ-સ્ટેશનો સ્થાપવા માટે રૂ.૧૬૦ કરોડની જોગવાઈ.
- મોર્ડન ટેકનોલોજીનો ઉપયોગ કરી સાતત્યપૂર્ણ અને ગુણવત્તાયુક્તવીજળી પૂરી પાડવા વનબંધુ કલ્યાણ યોજના-૨ હેઠળ રૂ.૨૪૫ કરોડની જોગવાઈ.
- પી.એમ. કુસુમ યોજના અંતર્ગતસ્ટેન્ડ અલોન-ઓફ ગ્રીડ સોલાર પાવર એગ્રીકલ્ચર પંપ પૂરા પાડવા માટે રૂ.૧૦૩ કરોડની જોગવાઈ.
- દરિયાકાંઠાના વિસ્તારોમાં આપત્તિ પ્રતિરોધક વીજ માળખું ઊભું કરવા રૂ.૧૦૦ કરોડની જોગવાઈ.
- હયાત ઓવરહેડ ડિસ્ટ્રીબ્યુશન નેટવર્કને અંડરગ્રાઉન્ડ કેબલ નેટવર્કમાં રૂપાંતર કરવા માટે રૂ.૧૦૦કરોડની જોગવાઈ.
- ગુજરાતમાં એનર્જી સ્ટોરેજ અને પંપ સ્ટોરેજ પ્રોજેક્ટ માટે રૂ.૧૦૦કરોડની જોગવાઈ.
- રસ્તાઓના વિસ્તૃતિકરણ અથવા રસ્તાઓ પર અડચણરૂપ હયાત ટ્રાન્સમિશન લાઈન અને સંલગ્ન વીજ માળખાનું શિફટીંગ/રિપ્લેસમેન્ટ કરવામાટે રૂ.૯૫કરોડની જોગવાઈ.
- વીજળીની સલામતી અંગે જાગૃતિ ફેલાવવા, ગ્રીન એનર્જી ડેટા સેન્ટરના વિકાસ, એનર્જી ટ્રાન્ઝિશન અને ગ્રીન જોબ્સ માટે ક્ષમતા વિકાસ, પાયલટ પ્રોજેક્ટ, શક્યતા અધ્યયન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરવિકાસ માટેરૂ.૨૬ કરોડની જોગવાઈ.
- ગુજરાતમાં ગ્રીન ફીડર્સપાયલટ પ્રોજેક્ટ માટે, ન્યુક્લિયર પાવરપ્રોજેક્ટ સ્થાપવાઅર્થે અનુકૂળ સ્થળો માટે પ્રાથમિક પરીક્ષણ હાથ ધરવા, રિન્યુએબલ એનર્જીઅને ગ્રીન હાઈડ્રોજન માટે કોમન ટ્રાન્સમિશન કોરીડોર તથા બાયો-ફ્યુઅલ ઉદ્યોગના વિકાસ માટે ?૪ કરોડની જોગવાઈ.

## વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ માટે કુલ ૨૫૩૫ કરોડની જોગવાઈ

કમલમ્,

- ભારત સરકાર દ્વારા ભારતનેટ ફેઝ-૩ માટે ગુજરાત પસંદ કરાયેલું પ્રથમ રાજ્ય છે. આ યોજના અંતર્ગત ૧૪ હજારથી વધુ ગ્રામ પંચાયતોને સુદ્રઢ કનેક્ટિવિટી દ્વારા વિવિધ સેવાઓનો સીધો લાભ મળી રહ્યો છે
- સમગ્ર રાજ્યમાં ભૂકંપની પ્રારંભિક ચેતવણી પ્રણાલીના વિકાસમાટે રૂ.૧૦કરોડની જોગવાઈ.
- સાયન્સ સીટી ખાતે એસ્ટ્રોનોમી એન્ડ સ્પેસ સાયન્સ ગેલેરી, હ્યુમન એન્ડ બાયોલોજીકલ સાયન્સ ગેલેરી, એવિએશન એન્ડ ડિફેન્સ ગેલેરી,સાયન્સ એક્સપ્લોરેશન ઝોન, ડિજિટલ ફ્યુચર ગેલેરીજેવા વિવિધઆકર્ષણોના નિર્માણ કાર્ય પ્રગતિમાં છે.
- ધોલેરા(SIR) અને સાણંદ ખાતેમાળખાકીય સુવિધા પૂરી પાડવાનું આયોજન.
- ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટી દ્વારા બાયોટેકનોલોજી આધારિત ઉકેલ શોધવા માટે ફ્લેગશિપ કાર્યક્રમ માટે રૂ.૩ કરોડની જોગવાઈ.

# શિક્ષણમંત્રી ડો.કુબેરભાઈ ડીંડોર અને શિક્ષણ રાજયમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં બોર્ડ પરીક્ષાની પૂર્વતૈયારીઓ અને આયોજન અંગે વિડીયો કોન્ફરન્સ યોજાઈ



કમલમ્,

શિક્ષણમંત્રી કુબેરભાઈ ડીંડોર અને શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલભાઈપાનશેરીયાની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં બોર્ડની પરીક્ષાની પૂર્વતૈયારીઓ અને આયોજન અંગે વિડીયો કોન્ફરન્સ યોજાઈ હતી, જેમાં જિલ્લાસેવા સદનથી જિલ્લા કલેક્ટર ડો.સૌરભ પારધી, જિલ્લા પોલીસ વડા શ્રી હિતેષ જોઈસર, જિલ્લા શિક્ષણાધિકારી ડો.ભગીરથસિંહ પરમાર અને અન્ય અધિકારીઓ અને પરીક્ષા સમિતિના સભ્યો વર્ચ્યુઅલી જોડાયા હતા. આગામી તા.૨૭મી ફેબ્રુ.થી બોર્ડની ધો. ૧૦ અને ધો.૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાઓ શરૂ થશે, જે સંદર્ભે પરીક્ષાઓનાં રાજ્યવ્યાપી આયોજન અને તૈયારી અંગેવિદ્યાસમીક્ષા કેન્દ્ર-ગાંધીનગર ખાતે આયોજિત વિડીયો કોન્ફરન્સમાં ઉપસ્થિત શિક્ષણમંત્રી ડો.કુબેરભાઈ ડીંડોર અને શિક્ષણ રાજ્યમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયા તથાશિક્ષણ વિભાગના અગ્રસચિવ મુકેશકુમાર દ્વારા આયોજનની સમીક્ષા કરીને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પરીક્ષા કેન્દ્રો પર પીવાના પાણી, પ્રાથમિક આરોગ્યની સુવિધાઓ, હોલ ટિકિટ પાછળ વિદ્યાર્થી હેલ્પલાઈન નંબર, પરીક્ષા કંટ્રોલરૂમ, જિલ્લા-તાલુકા-ગ્રામ્ય કક્ષાએથી આવતા પરીક્ષાર્થીઓને પરીક્ષા કેન્દ્રો સુધી પહોંચવામાં મુશ્કેલી ન પડે તે માટે વધારાની બસો ફાળવવા અને વીજ પુરવઠો સતત જળવાઈ રહે તેવું આયોજન કરવા મંત્રીશ્રીઓએ જણાવ્યું હતું. સમગ્ર રાજ્યમાં મુક્ત, ન્યાયી અને તણાવમુક્ત વાતાવરણમાં બોર્ડની પરીક્ષા યોજવા માર્ગદર્શન આપ્યુ હતું. આ વિડીયો કોન્ફરન્સમાં જિલ્લા કલેક્ટર ડો.સૌરભ પારધીએ શહેર-જિલ્લામાં પરીક્ષા સંબંધિત તૈયારીઓની રૂપરેખા, કેન્દ્રોની સંખ્યા, બ્લોક વ્યવસ્થા, સ્ટાફ તાલીમ અને કરવામાં આવેલી વ્યવસ્થાવિષે જાણકારીઆપીહતી. તેમણે મેટ્રોની કામગીરીના કારણે થતા ટ્રાફિકને ધ્યાને લેતા વિદ્યાર્થીઓને નિયત સમયે પરીક્ષા કેન્દ્રોસુધી પહોંચવામાં કોઈ સમસ્યા ન રહે તે માટે મેટ્રોના અધિકારીઓ સાથેયોગ્ય આયોજન કરાયું હોવાનું મંત્રીશ્રીઓને જણાવ્યુ હતું. નોંધનીય છે કે, સુરત શહેર-જિલ્લામાં ધો.૧૦ ના ૯૧,૮૩૦, ધો.૧૨ (સામાન્ય પ્રવાહ)ના ૪૫,૭૨૦ તથા ધો.૧૨ (વિજ્ઞાન પ્રવાહ)ના ૧૫,૭૪૦ મળી કુલ ૧,૫૩,૨૯૦પરીક્ષાર્થીઓ પરીક્ષા આપશે. ૧૪ ઝોનમાં ૮૫ પરીક્ષા કેન્દ્રો, ૫૨૪ બિલ્ડીંગો, ૫૩૭૨ બ્લોકમાં પરીક્ષા યોજાશે. તમામ કેન્દ્રો પર ઝઝફ કેમેરાની બાજ નજર રહેશે. જીજીઝ પરીક્ષાનો સમય સવારે ૧૦.૩૦થી ૧.૧૫ અને ઉઁજીઝ નો સમય બપોરે ૩.૦૦ થી ૬.૧૫ રહેશે. આ વિડિઓ કોન્ફરન્સમાં શિક્ષણ નિરીક્ષકો, પોલીસ, આરોગ્ય, મેટ્રો, માહિતી, મનપાના અધિકારીઓ, માધ્યમિક શિક્ષણ સંઘના હોદ્દેદારો, સહિત સબંધિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકા પ્રાથમિક શિક્ષણ સંઘ દ્વારા મહિલા ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ

કમલમ્,મયુર પટેલ



ઉંમરપાડા તાલુકા પ્રાથમિક શિક્ષકસંઘ દ્વારાઆયોજિત મહિલા ક્રિકેટ ટુર્નામેન્ટમાં કેવડીકેન્દ્રનીટીમ વિજેતાબની વેલાવીઆંબા ગામના ક્રિકેટ મેદાનમાંરમાડવામાં આવેલ મહિલા ક્રિકેટ ટુર્નામેન્ટમાં કેવડી કેન્દ્ર અને ઉંમરદા કેન્દ્રની ટીમો વચ્ચે ફાઈનલ મેચ રમાઈ હતી જેમાં ઉમરદાની ટીમના કેપ્ટન રાગીણીબેને ટોસ જીતી બેટિંગ પસંદ કરી હતી ઉંમરદાની ટીમે રીતાબેનની શાનદારબેટિંગના જોરે ૮ ઓવરમાં ૭૪ રન કર્યા હતા જેના જવાબમાં કેવડીની ટીમે સાતમી ઓવરમાં૭૫ રન બનાવી મેચ જીતી લીધી હતી કેવડી ટીમ વતીમનિષાબેને શાનદાર ૩૪ રન અને દર્શનાબેને ૨૪રન બનાવ્યા હતા. ફાઈનલમાંવુમન ઓફ ધમેચ નો એવોર્ડ મનિષાબેનને મળ્યો હતો રનર્સઅપની ટ્રોફીઉમરદા ટીમના કેપ્ટન રાગીણીબેન ચૌધરીને આપવામાં આવી હતી અને વિજેતાની ટ્રોફી કેવડીટીમના કેપ્ટન ઉષાબેન સોલંકીને આપવામાં આવી હતી સમગ્ર ટુર્નામેન્ટનું આયોજન કેવડી કેન્દ્રના શિક્ષક મિત્રોઅને વેલાવીગામના ઉત્સાહી સરપંચ શ્રી રવિન્દ્રભાઈ વસાવા દ્વારા કરવામાંઆવ્યું હતું.

# દાહોદ-મહિસાગર જિલ્લામાં જમીન કલમ 73 AA ની એકપણ જમીન બીજાના નામે NA થઈ નથી : મંત્રી શ્રી બલવંતસિહ રાજપૂત



કમલમ્,

રાજયભરમાં આદિવાસીઓની જમીનના અધિકારોનીરક્ષણ માટેસરકાર કટિબદ્ધ છે. છેલ્લા બે વર્ષમાં દાહોદ અને મહિસાગર જિલ્લામાં જમીન મહેસૂલ કાયદાની કલમ 73AA નીએકપણ જમીન બીજાને નામેથઈ નથીતેમ, આજે ધારાસભ્યશ્રી દ્વારા પુછાયેલા પ્રશ્નનો મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન વિભાગવતી વિધાનસભાગૃહમાં જવાબ આપતા મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું. મંત્રી શ્રી રાજપૂતે વધુ માહિતી આપતા કહ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જૂન ૨૦૦૬માં આદિવાસી સમાજના હિતમાં જમીન મહેસૂલ કાયદાની કલમ 73 AA હેઠળ કલેક્ટર અને DDO નેવિશેષ સત્તાઆપવામાં આવી છે, જેમાં કોઈ વ્યક્તિ કલેક્ટર અને DDO ની પરવાનગી વિના જમીન અન્યને વેચાણ કરે તો તેને પરતમળે છેઅને વેચાણકરનારને સજા પણ કરવામાં આવે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં 73 AAની તમામ પ્રક્રિયા iORA અંતર્ગત ઓનલાઈન કરવામાં આવીછે જેના પરિણામે સમગ્ર પ્રક્રિયા વધુને વધુ પારદર્શી બની છે. મંત્રીશ્રીએ પૂછાયેલા પેટા પ્રશ્નનો પ્રત્યુતર પાઠવતા કહ્યું હતું કે, 73 AAનીઅંતર્ગતઆદિવાસીઓને વિશેષઅધિકાર આપવામાં આવ્યા છે. જેમાં સહકારી પ્રવૃત્તિઓ,ઔદ્યોગિક હેતુ,પેટ્રોલ પંપતેમજ શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરવાજમીન આપવામાં આવે છે.

# પી.એમ. આવાસ યોજના હેઠળ આવાસ પૂર્ણ કરવામાં સુરત જિલ્લો અવ્વલ

**પ્રધાનમંત્રી 'પીએમ જનમન' (JAN-MAN) અંતર્ગત જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ૩૬૮ આવાસો પૂર્ણ કરાયા**



**શ્રીમતી શિવાની ગોયલનું સુરત જિલ્લા વિકાસ અધિકારી તરીકે એક વર્ષ: જનસુખાકારીના પગલા, યોજનાઓના સુવ્યવસ્થિત અમલીકરણમાં તેમની ઉત્તમ કામગીરી**

**છેલ્લા એક વર્ષમાં ૭૪૮૪ પી. એમ. આવાસો પૂર્ણ કરાયા**

કમલમ્,સુરત

શ્રીમતી શિવાની ગોયલને જિલ્લા વિકાસ અધિકારી તરીકે સુરતમાં ફેબ્રુઆરીના પ્રારંભે એક વર્ષ પૂર્ણ થયુ છે, તેમની DDO તરીકે જનસુખાકારીના પગલા, યોજનાઓના સુવ્યવસ્થિત અમલીકરણમાં તેમની ઉત્તમ કામગીરીરહીછે, ત્યારે તેમનાએક વર્ષના કાર્યકાળમાં પી.એમ. આવાસ આવાસ યોજના હેઠળ આવાસો પૂર્ણ કરવામાં સુરત જિલ્લોઅવ્વલ રહ્યોછે. જિલ્લામાં બાકી રહેલા આવાસો પૈકી છેલ્લા એક વર્ષમાં૮૪૬૮ લાભાર્થીઓને પ્રથમ હપ્તો, ૭૩૩૧ લાભાર્થીઓને બીજો અને૯૪૪૨ લાભાર્થીઓને ત્રીજોહપ્તો આપીઆવાસીય સહાય ચૂકવવામાં આવી છે. કુલ ૭૪૮૪ પી.એમ.આવાસો પૂર્ણ કરાયા છે. આમ, સમગ્ર રાજ્યમાં આવસો પૂર્ણ કરવામાંસુરત અવ્વલરહ્યુંછે. પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત દેશના દરેક નાગરિકને પોતાનું ઘર મળે એમાટે સમયાંતરે સર્વે કરવામાં આવે છે. જેથી બાકી રહી ગયેલાજરૂરિયાતમંદોને અને કાચા ઘરમાંરહેતાલોકોનેપાકુ ઘર મળે તે કેન્દ્ર સરકારનો હેતુ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા તા.૧૫ ઓગસ્ટ-૨૦૨૩થી 'પીએમજનમન'અભિયાન હેઠળ આદિમ જૂથના તમામ પરિવારોને સરકારની વિવિધ યોજનાઓથી લાભાન્વિત કરી વિકાસની મુખ્ય ધારામા લાવવાનો પ્રયાસ હાથ ધરાયો છે, ત્યારે 'પીએમજન મન' અભિયાન અંતર્ગતસુરત જિલ્લાના આદિમજુથના કુટુંબોને પ્રાથમિક અને મૂળભુત સુવિધાઓ સહિત કલ્યાણકારી યોજનાઓ હેઠળ આવરીને સમાજની મુખ્ય ધારામાં પ્રસ્થાપિત કરવાના ધ્યેયમંત્ર સાથે કેન્દ્ર અને રાજ્ય સરકારે પ્રયાસો હાથ ધર્યા છે. પ્રધાનમંત્રી 'પીએમ જન મન' (JAN-MAN) અંતર્ગત જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં કુલ ૩૬૮ આવાસો પૂર્ણ કરાયા છે, અને જમીનવિહોણા ૪૪૭ પૈકી ૨૨૦ લાભાર્થીઓને સરકારદ્વારા ૧૦૦ચો.મી જમીન આપવામાં આવશે. કેન્દ્ર સરકાર દ્વારા ગરીબ લોકો કે જેઓ પાસે ખુલ્લો પ્લોટ હોય, કાચુંમકાન હોય તેવા લાભાર્થીઓ માટે પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ ૨.૦ હેઠળ પાકું મકાન બનાવવા માટે આર્થિકસહાય પૂરીપાડવામાં આવે છે, સુરત જિલ્લામાં ૭ વર્ષ બાદ નવા પીએમ આવાસો બનાવવા સર્વેની કામગીરી શરૂ છે, જેમાં જિલ્લાના ચોર્યાસી, બારડોલી, કામરેજ, મહુવા, માંડવી, માંગરોળ, ઓલપાડ, પલસાણા, ઉમરપાડા તાલુકાના ૭૪૯ ગામોમાં સર્વેનીકામગીરી પ્રગતિમાં છે. વધુમાં વધુ લાભાર્થીઓને આવાસીય છત્રપૂરૂ પાડીશકાય એ માટે DDO શિવાની ગોયલના વડપણહેઠળ ગ્રામ વિકાસ એજન્સી દ્વારા પ્રયાસોહાથ ધરવામાં આવ્યા છે. ગામોમાં નવાપીએમ આવાસ બનાવવા માટે પ્રત્યેક ગામ દીઠ નિમાયેલાએક સર્વેયર દ્વારા જરૂરી આધાર-પૂરાવા સાથે ઓનલાઈન રજિસ્ટ્રેશન કરી ઘરવિહોણા તથા કાચા ઘરમાં રહેતાલોકો માટે નવા ઘરની અરજી કરવામાં આવી રહી છે. હાલ સુધી બારડોલી તાલુકામાં ૧૪૦૯, કામરેજમાં ૫૯, મહુવામાં ૫૦૧૦, માંડવીમાં ૮૪૨૫, માંગરોળમાં ૬૫૭૦, ઓલપાડમાં ૫૬૪, પલસાણામાં ૬૦૨ અને ઉમરપાડા તાલુકામાં ૯૦૦૬ મળી કુલ ૩૧,૬૪૫ લાભાર્થીઓનીસર્વે કરાયોછે. જેથી સર્વેના કારણે પીએમ આવાસથી વંચિત રહી ગયેલા લાભાર્થીઓને પાકું આવાસ મળી શકશે.

# ગેરકાયદેસર દબાણ કરીને ઝીંગા ઉછેર કેન્દ્ર કે ઝીંગા ફાર્મ ચલાવતા લોકો સામે કડક કાર્યવાહી કરાય છે: ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત

કમલમ્,

વિધાનસભા ગૃહમાં નવસારી જિલ્લાની જમીનોમાં ગેરકાયદેસર દબાણ કરીને ઝીંગા ઉછેર કેન્દ્ર કે ઝીંગા ફાર્મ ચાલી રહેલ હોવાની રજૂઆતો સંદર્ભે પૂછાયેલ પ્રશ્નનો ઉત્તર આપતા ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યુંકે, ગેરકાયદેસર દબાણ કરીને ઝીંગા ઉછેર કેન્દ્ર કે ઝીંગા ફાર્મ ચલાવતા લોકો સામે રાજ્યસરકાર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવે છે. મંત્રીશ્રીએ ઉમેર્યું કે, તા.૩૧/૧૨/૨૦૨૪ ની સ્થિતિએ નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના કરાડી ગામનો અહેવાલ તા. ૨૩/૧૨/૨૦૨૪ ના રોજ, કરંખટ ગામનોઅહેવાલ તા. ૦૧/૦૨/૨૦૨૫ ના રોજ જ્યારે વાંસી અને બોરસી ગામનો અહેવાલ તા.૦૧/૦૧/૨૦૨૫ ના રોજ મળ્યા છે. મંત્રીશ્રીએ વધુ વિગતોઆપતાજણાવ્યુંકે, મહેસૂલ વિભાગે તા.૦૧/૦૯/૨૦૨૪ થી આજ સુધીરાજ્યના કુલ૪૭૧ સર્વે નંબરોની કુલ ૨૨૪૦ હેક્ટર સરકારી પડતર જમીનમાંથી દબાણો દૂર કરેલ છે, જેની જંત્રી આધારીત કિંમત આશરે રૂપિયા ૮૯૦ કરોડ થાય છે. રાજ્યમાં હાલમાં સરકારી પડતર જમીનોમાંથી દબાણ દૂર કરવાની ઝુંબેશ ચાલુછે. જે અંતર્ગત જમીન મહેસૂલ કાયદાનીકલમ-૬૧ હેઠળ નિયમોનુસાર પ્રક્રિયા પૂર્ણ કરી બનતીત્વરાએ દબાણદૂર કરવામાં આવે છે,તેમ પણ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. મત્સ્યઉછેર માટેજમીન ભાડા પટ્ટેઆપવાબાબતેપ્રત્યુત્તર આપતા મંત્રીશ્રીએ ઉમેર્યું કે, ભાડાપટ્ટાની મુદતપ્રથમતબક્કે ૨૦વર્ષની હોય છે. આ મુદત બાદ જમીન જે શરતોએ ફાળવી હોય તે તમામ શરતોનું પાલન કરવામાં આવે છે તેનીખાતરી કર્યાબાદ ભાડાપટ્ટાની મુદત બીજા તબક્કે ૧૦વર્ષ લંબાવી શકાય છે. ત્યારબાદ ભાડાપટ્ટો લંબાવવાકલેકટરશ્રીએ સરકારની મંજુરી લેવાની હોય છે. ભાડા પટ્ટાનીજમીનના દર વિશે માહિતી આપતા મંત્રીશ્રીએ કહ્યું કે, વ્યક્તિ અને સ્વ સહાય જૂથને પ્રથમ ૩ વર્ષ માટે પ્રતિ હેક્ટર રૂ.૧૦૦૦ ત્યારબાદ ૪ થી ૬ વર્ષ માટે પ્રતિ હેક્ટર રૂ.૫૦૦૦, ૬ વર્ષ બાદ સાતમા વર્ષે, ૩ વર્ષના ગાળા માટે ૧૫% નોવધારો વસૂલવાનો રહેતો હોય છે જ્યારે સહકારી મંડળીઓના કિસ્સાઓમાં હરાજી માટેની તળીયાના ભાવ રૂ.૫૦૦૦ પ્રતિહેક્ટર અને કંપનીનાં કિસ્સામાં હરાજી માટેની તળીયાના ભાવ રૂ.૧૦૦૦૦ પ્રતિ હેક્ટર છે. સહકારી મંડળી તથા કંપની દ્વારા બોલી લગાવી જે કિંમત નક્કી થાય તે કિંમત પ્રથમ ૩ (ત્રણ) વર્ષ માટે વસૂલવાની રહે છે. ૪ થી ૬ વર્ષ માટે ૨૦% નો વધારો વસૂલવામાં આવે છે. ૬ વર્ષ બાદ સાતમા વર્ષે દર ૩ (ત્રણ) વર્ષના ગાળા માટે ૧૫% નો વધારો વસૂલવાનો રહે છે તેમપણ મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું.



# શહેરી વિકાસ વર્ષ અંતર્ગત શહેરી ગૃહ નિર્માણ વિભાગ માટે કુલ રૂ. ૩૦,૩૨૫ કરોડની જોગવાઈ

o

- અમારી સરકાર નાગરિકોને કેન્દ્રમાં રાખી સ્માર્ટ, સ્વચ્છ, સુંદર અને આધુનિક સમયને અનુરૂપ પસંદગીના શહેરો બનાવવા માટે પ્રતિબદ્ધ છે.
- શહેરી માળખાગત સુવિધાઓ માટેની અગત્યની સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના માટેની જોગવાઈ રૂ.૮,૮૮૩ કરોડથી વધારીને રૂ.૧૨,૮૪૭ કરોડ કરવામાંઆવી છે.
- શહેરી સ્થાનિકસ્વરાજ્ય સંસ્થાઓને નાણાકીય સહાય પૂરી પાડવા માટે રૂ.૩૩૫૩ કરોડની જોગવાઈ.
- ગુજરાત મેટ્રોરેલ પ્રોજેક્ટ્સ માટે રૂ.૨૭૩૦ કરોડની જોગવાઈ.
- અમૃત ૨.૦ મિશનહેઠળ પાણીપુરવઠા, ડ્રેનેજ સિસ્ટમ, તળાવોના વિકાસ, પરિવહન વ્યવસ્થા વગેરે માટે રૂ.૧૯૫૦ કરોડની જોગવાઈ.
- શહેરોમાં વિવિધ વિકાસ કાર્યો માટે ૧૫મા નાણાપંચ હેઠળ રૂ.૧૩૭૬ કરોડની જોગવાઈ.
- પ્રધાનમંત્રી આવાસ યોજના(શહેરી) અને પ્રધાનમંત્રી આવાસ યોજના(શહેરી) ૨.૦ હેઠળ શહેરી ગરીબોને આવાસ પૂરા પાડવા માટે રૂ.૧૩૫૦ કરોડની જોગવાઈ.
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન માટે ગુજરાત રેઝિલિયન્ટ સિટીઝ પાર્ટનરશિપ પ્રોગ્રામ માટે અને અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તાર માટે પેરી-અર્બન લિવેબિલિટી ઈમ્પ્રૂવમેન્ટ પ્રોજેક્ટ હેઠળ બાહ્ય ભંડોળ માટે રૂ.૧૦૦૦ કરોડની જોગવાઈ.
- સ્વચ્છ ભારત મિશન ૨.૦ અને નિર્મળ ગુજરાત ૨.૦ જેવી યોજનાઓ સાથે "સ્વચ્છ શહેર, સુંદર શહેર" યોજના અંતર્ગત શહેરી વિસ્તારોમાં બ્યુટીફિકેશન, શહેરી સ્વચ્છતા અને કચરા વ્યવસ્થાપન માટે રૂ.૮૦૮ કરોડની જોગવાઈ.
- શહેરી વિસ્તારોને રેલ્વે ક્રોસિંગમુક્ત બનાવવાના અભિયાન હેઠળ ઓવર બ્રિજ/અંડરબ્રિજ બનાવવા માટે રૂ.૫૪૫ કરોડની જોગવાઈ.
- સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કામો માટે રૂ.૨૫૩ કરોડની જોગવાઈ.
- અમદાવાદમા SVP સ્પોર્ટ્સ એન્ક્લેવના વિકાસ માટે રૂ.૨૫૦ કરોડની જોગવાઈ.
- મુખ્યમંત્રી ગ્રીન રીંગ રોડ યોજના હેઠળ મુખ્ય શહેરોમાં ગ્રીન રીંગ રોડ વિકસાવવા માટે રૂ.૨૦૦ કરોડની જોગવાઈ.
- આઈકોનિક રસ્તાઓના વિકાસ માટે રૂ.૨૦૦ કરોડની જોગવાઈ.
- ધાર્મિક શહેરોના સર્વાંગી વિકાસ યોજના હેઠળ ધાર્મિક નગરોના વ્યૂહાત્મક માળખાગત વિકાસ માટે રૂ.૨૦૦ કરોડની જોગવાઈ.
- ૧૨ મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં ઈન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર માટે રૂ.૧૮૦ કરોડની જોગવાઈ.
- રાજ્યમાં અગ્નિશામક સેવાઓ માટે એક રાજ્ય એક કેડરની સ્થાપના દ્વારા અગ્નિશામક અને કટોકટી સેવાઓને મજબૂત બનાવવામાં આવશે. રાજ્ય અગ્નિશામક મુખ્યાલય અને નવા મોડેલ ફાયર સ્ટેશનોની સ્થાપના માટે રૂ.૧૬૦ કરોડની જોગવાઈ.
- રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન હેઠળ રૂ.૧૨૦ કરોડની જોગવાઈ.
- અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ ખાતે હાલમાં ક્લિન એર પ્રોગ્રામના અમલીકરણ સાથે હવે જામનગર, જૂનાગઢ, ભાવનગર, ગાંધીનગર અને ભરૂચ-અંકલેશ્વર માટે સ્ટેટ ક્લિન એર પ્રોગ્રામના અમલીકરણ માટે રૂ.૧૦૦ કરોડની જોગવાઈ.
- ગિફ્ટ સિટીમાં માળખાગત સુવિધાઓના વિકાસ માટે રૂ.૭૨ કરોડની જોગવાઈ.
- પી.એમ. ઈ-બસ યોજના હેઠળ ડેપો ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે રૂ.૫૬ કરોડની જોગવાઈ.
- સેટેલાઈટ ટાઉનશીપ વિકસાવવા માટે રૂ.૫૦ કરોડની જોગવાઈ.
- વડોદરા અને રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં જાહેર-ખાનગી ભાગીદારી મોડેલ હેઠળ કન્વેન્શન સેન્ટર વિકસાવવા માટે રૂ.૫૦ કરોડની જોગવાઈ.
- શહેરી આયોજન ક્ષેત્રમાં સંશોધન અને વિકાસને પ્રોત્સાહન આપવા માટે તથા સ્પેશિયલ પ્રોજેક્ટ સેલ અને આયોજન પોર્ટલની સ્થાપના માટે રૂ.૧૪ કરોડની જોગવાઈ.
- ગુજરાત અર્બન એટલાસ હેઠળ મિલકતો અને ઉપયોગિતાઓના GIS મેપિંગ અને મુખ્ય શહેરી પ્રોજેક્ટ માટે રૂ.૧૦ કરોડની જોગવાઈ.

## ગૃહ વિભાગ માટે કુલ ૧૨૬૫૯ કરોડની જોગવાઈ

કમલમ્,

- રાજ્યમાં આંતરિક સુરક્ષા, કાયદો અને વ્યવસ્થાના સંચાલન માટે ઝીરો ટોલરન્સ પોલિસી સાથે અમારી સરકાર અનેક સુધારાઓ કરી રહી છે.
- રાજ્યમાં સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર સાયબર ક્રાઈમ, સાયબર સિક્યુરિટી અને સાયબર ઈન્ટેલિજન્સની વ્યવસ્થા ઊભી કરવાનું આયોજન છે. જે માટે ૧૧૮૬ નવી જગ્યાઓ તથા આઈ.ટી. ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે રૂ.૨૯૯ કરોડની જોગવાઈ.
- રાજ્યની વિશિષ્ટ પોલીસ ટૂકડીઓ જેમકે BDDS(Bomb D<sup>a</sup>ection and Disposal Squad) xe{ku, QRT(Quick Response Team) ટીમે, SDRF (State Disaster Response Force) કંપનીઓ તેમજ ચેતક કમાન્ડો માટે સાધન સામગ્રીની ખરીદી માટે રૂ.૬૩ કરોડની જોગવાઈ.
- સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતીનિમિત્તે "એક ભારત, શ્રેષ્ઠ ભારત" વિઝનની ઉજવણી માટે ?૧૦ કરોડની જોગવાઈ.
- રાજ્યના તમામ બાકી રહેતા ૨૪ જિલ્લાઓ ખાતે સાયબર ફોરેન્સિક યુનિટ શરૂ કરવા માટે રૂ.૩૦ કરોડની જોગવાઈ.
- એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ(ANTF) માટે રૂ.૨૩ કરોડની જોગવાઈ.
- રાજ્યની તમામ જેલો તથા તાલુકા સબ જેલો ખાતે સેન્ટ્રલાઈઝ કમાન્ડ એન્ડ કંટ્રોલ સીસ્ટમ માટે રૂ.૪૪ કરોડની જોગવાઈ.
- રાજ્યમાં શહેરી વિસ્તારોમાં માર્ગસલામતી માટે ટ્રાફિક પોલીસની હાજરી વધારવા ૧૩૯૦ નવી જગ્યાઓ ઊભી કરવા માટે રૂ.૬૩ કરોડની જોગવાઈ.
- રાજ્યમાં પોલીસ ખાતાના રહેણાંક તેમજ બિન રહેણાંક મકાનોના બાંધકામ માટે રૂ.૯૮૨ કરોડની જોગવાઈ.
- વિવિધ જેલોના તેમજ અન્ય મકાનોના બાંધકામ માટે ?૨૧૭ કરોડની જોગવાઈ.
- વલસાડ જિલ્લાના વાપી શહેર ખાતે ટ્રાફિક પોલીસ સ્ટેશન ઊભું કરવામાં આવશે.

## પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ માટે કુલ ૧૩,૭૭૨ કરોડની જોગવાઈ

કમલમ્,

અમારી સરકાર ત્રિસ્તરીય પંચાયતી રાજના માળખાને સુદ્રઢ બનાવવા ગ્રામ, તાલુકા, જિલ્લા પંચાયતના મકાનોનું નવીનીકરણ, રેકર્ડનું મોર્ડનાઈઝેશન અને ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરી ગામડાઓના સર્વાંગી વિકાસ માટે જરૂરી પગલા લઈ રહી છે. ગ્રામ્ય કક્ષાએ સફાઈ, પાણી જેવી મૂળભૂત સુવિધાઓ આપવાની સાથોસાથ ગ્રામ્ય સંસાધનોનું યોગ્ય સંચાલન અને માવજત માટે જરૂરી વ્યવસ્થા ઊભી કરવામાં આવી રહી છે. નિર્મળ ગુજરાત-૨.૦ અંતર્ગત રાજ્યના ૭(ગાંધીનગર, મહેસાણા, કચ્છ, જામનગર, આણંદ, પંચમહાલ અને નવસારી) જિલ્લાના ૧૧ તાલુકાઓમાં સમાવિષ્ટ ૩૭૧ ગામોમાં ડોર-ટુ-ડોર ઘન અને પ્રવાહી કચરાના નિકાલ તેમજ જાહેર સ્થળોની સફાઈના કામ માટે રૂ.૩૩૦ કરોડની જોગવાઈ.

- જિલ્લા પંચાયતોને જમીન મહેસૂલ ઉપરના સ્થાનિક ઉપકરનો વધારો મંજૂર થવાથી વધારાના દર પ્રમાણે ચૂકવણું કરવા માટે રૂ.૧૦૦ કરોડની જોગવાઈ.
- રાજ્યના ઈકોસેન્સિટીવ ઝોનમાં આવેલ ગામોમાં માળખાકીય સુવિધાઓ વિકસાવવા રૂ.૩૫ કરોડની જોગવાઈ.
- ગ્રામ વિકાસ
- પ્રધાનમંત્રી આવાસ યોજના(ગ્રામીણ) થકી રાજ્યના ગ્રામીણ વિસ્તારમાં વસતા ઘર વિહોણા પરિવારો માટે છેલ્લા ૩ વર્ષમાં ૨ લાખ ૨૨ હજારથી વધુ આવાસોનું નિર્માણ કરવામાં આવેલ છે. આ બજેટમાં આશરે બે લાખથી વધુ આવાસોનું નિર્માણ કરવાનું આયોજન છે. આ માટે રૂ.૧૭૯૫ કરોડની જોગવાઈ.
- પ્રધાનમંત્રી આવાસ યોજના(ગ્રામીણ) તથા પીએમ-જનમન યોજના હેઠળના ગામતળ ઉપલબ્ધ ન હોય તેવા ગામોના પ્લોટ વિહોણા લાભાર્થીઓ માટે પ્લોટ ખરીદવા લાભાર્થી દીઠ રૂ.૧ લાખ સુધીની સહાય આપવા માટે રૂ.૩૦ કરોડની જોગવાઈ.
- મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજના હેઠળ રોજગારી પૂરી પાડવા રૂ.૧૧૨૯ કરોડની જોગવાઈ.
- રાજ્યમાં કુલ ૧૭૭૫૨ ગામોએ ODF પ્લસનો દરજ્જો પ્રાપ્ત કર્યો છે, ગોબરધન પ્રોજેક્ટની નવીન પહેલથી કચરાને ઊર્જામાં પરિવર્તિત કરી શકાશે તેમજ મહિલા સશક્તિકરણ પણ થશે. જે માટે રૂ.૬૩૦ કરોડની જોગવાઈ.
- મહિલાઓના સ્વસહાય જૂથ થકી આજીવિકાલક્ષી પ્રવૃત્તિઓ માટે રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ રૂ.૪૦૧ કરોડની જોગવાઈ.
- પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના-વોટરશેડ ડેવલપમેન્ટ કમ્પોનન્ટ ૨.૦ હેઠળ ૫૧ પ્રોજેક્ટ મારફત ૪૧૯ ગામોને લાભ આપવા માટે રૂ.૧૭૫ કરોડની જોગવાઈ.
- દર વર્ષે થનાર "સરસ મેળાઓ"ની સાથેસાથે રણોત્સવ, પ્રાઈવેટ મોલ, વિશેષ કાર્યક્રમો અને પ્રદર્શનમાં ભાગ લેવા સખી મંડળની મહિલાઓ માટે માર્કેટ અવેન્યુ મળી રહે તે માટે ?૫ કરોડની જોગવાઈ.
- નર્મદા, જળસંપત્તિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગ માટે કુલ રૂ.૨૫,૬૪૧ કરોડની જોગવાઈ

## મહેસૂલ વિભાગ માટે કુલ ૫૪૨૭ કરોડની જોગવાઈ

કમલમ્,

- મહેસૂલી સેવાઓ નાગરિકોને સરળતાથી અને ત્વરિત મળી રહે તે માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. ખેડૂત દ્વારા તેની એકમાત્ર બચત રહેતી ખેતીની જમીન પણ જો બિનખેતી કરાવે તો પણ ખેડૂત પ્રમાણપત્ર મેળવી શકશે તેવો પ્રજાલક્ષી નિર્ણય કરવામાં આવેલ છે.
- રાજ્યમાં સ્વામિત્વ યોજના અંતર્ગત ગ્રામીણ વિસ્તારમાં ૭૨૨૧ ગામોના ૧૨ લાખથી વધુ મિલકતોના પ્રોપર્ટીકાર્ડ તૈયાર કરી સમગ્ર દેશમાં ફેઝ-૨ માં ગુજરાત રાજ્ય પ્રથમ ક્રમે છે.
- સાબરકાંઠાના હિંમતનગર ખાતે નવી કલેક્ટર કચેરી અને વેરાવળ, પોરબંદર, દ્વારકા, ભચાઉ, વઢવાણ, બાયડ, આંકલાવ, સોજીત્રા, નડિયાદ, લુણાવાડા, જલાલપોર, સાગબારા અને ઉમરપાડા ખાતે નવા મહેસૂલી ભવનોના બાંધકામ, અંજાર-કચ્છ અને ઊંઝા-મહેસાણા ખાતે સીટી સર્વે સુપ્રિટેન્ડેન્ટની નવી કચેરીઓના બાંધકામ અને અમદાવાદ શહેર, સાણંદ, દેત્રોજ, રાધનપુર, રાજકોટ શહેર, લોધિકા, મોરબી, અંકલેશ્વર અને ઉમરગામ ખાતે નવી સબ-રજીસ્ટ્રાર કચેરીઓના બાંધકામ માટે રૂ.૬૬ કરોડની જોગવાઈ.
- ટેકનોલોજીના મહત્તમ ઉપયોગથી મહેસૂલી સેવાઓના વિવિધ પોર્ટલના અપગ્રેડેશન અને આઈ.ટી. સાધન-સામગ્રીની ખરીદી માટે રૂ.૮૭ કરોડની જોગવાઈ.
- નાગરિકોને મહેસૂલી સેવાઓ ઝડપી પૂરી પાડવા વિવિધ કચેરીઓ માટે ૨૩૦ નવી જગ્યાઓ ઊભી કરવા રૂ.૧૫ કરોડની જોગવાઈ.
- રાજ્ય આપત્તિ શમન નિધિમાંથી ઈમરજન્સી રિસ્પોન્સ માટે પૂર નિયંત્રણ અને ફાયરને લગતા સાધનોની ખરીદી સહિત ડિઝાસ્ટર મેનેજમેન્ટ માટે રૂ.૪૨૯ કરોડની જોગવાઈ.

# સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ માટે કુલ ૬૮૦૭ કરોડની જોગવાઈ

કમલમ્,

- સમાજના તમામ વંચિત સમુદાયના જીવનના દરેક તબક્કાને આવરી લેતાં, બાળ સંરક્ષણથી વૃદ્ધત્વ સુધી સહાય પૂરી પાડવા અમારી સરકાર કટિબદ્ધ છે.
- પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના અંદાજે ૪૨ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને ગણવેશ સહાય આપવા માટે રૂ.૭૧૭ કરોડની જોગવાઈ.
- પી.એમ.યશસ્વી પ્રિ-મેટ્રીક અને પોસ્ટ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના માટે રૂ.૫૨૦ કરોડની જોગવાઈ.
- વિદેશ અભ્યાસ લોન યોજના અંતર્ગત વિદેશમાં ચાલતા ઉચ્ચ કક્ષાના અભ્યાસ અર્થે રૂ.૧૫ લાખની લોન ૪%ના દરે આપવામાં આવે છે. જે અંતર્ગત અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે રૂ.૧૦૦ કરોડ અને વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટે રૂ.૮૦ કરોડની જોગવાઈ.
- સરસ્વતી સાધના યોજના અંતર્ગત ધોરણ ૯માં અભ્યાસ કરતી સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગની તેમજ આર્થિક પછાત વર્ગની ૧ લાખ ૨૫ હજાર વિદ્યાર્થિનીઓને અને અનુસૂચિત જાતિની ૧૩,૬૦૦ વિદ્યાર્થિનીઓને વિનામૂલ્યે સાયકલ આપવા માટે રૂ.૮૪ કરોડની જોગવાઈ.
- નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અનુસાર રચાયેલ બાલવાટિકામાં અભ્યાસ કરનાર અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના અંદાજે ૨ લાખ ૨૨ હજાર વિદ્યાર્થીઓને ગણવેશ સહાય આપવા માટે રૂ.૨૦ કરોડની જોગવાઈ.
- દિવ્યાંગોને મોટરાઈઝડ ટ્રાયસિકલ તથા જોયસ્ટિક વ્હીલચેર આપવા રૂ.૬૦ કરોડની જોગવાઈ.
- દિવ્યાંગજનો માટેની સંત સુરદાસ યોજના હેઠળ કુલ રૂ.૧૭૦ કરોડની જોગવાઈ.
- તમામ જાતિ-વર્ગના છાત્રો એક જ છત હેઠળ રહે એ અભિગમથી જુદા જુદા ૧૦ જિલ્લાઓમાં ૯ સમરસ કન્યા અને ૧૧ સમરસ કુમાર છાત્રાલયો બનાવવા માટે રૂ.૮૩ કરોડની જોગવાઈ. જેનાથી અંદાજે વધારાના ૧૩ હજાર કુમાર-કન્યા છાત્રોને લાભ થશે.
- ભારતમાં અને વિદેશમાં અભ્યાસ માટે શૈક્ષણિક લોન તથા સ્વરોજગારલક્ષી યોજનાના આશરે ૭૦ હજારથી વધુ લાભાર્થીઓ માટે રૂ.૮૩૧ કરોડની જોગવાઈ.
- અનુસૂચિત જાતિ અને વિકસતિ જાતિના લાભાર્થીઓને બેંક મારફતે વાહન, સ્વરોજગારી તેમજ ભારત અથવા વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે લીધેલ લોન પર ૬% વ્યાજ સબસીડી આપવા માટે રૂ.૨૫ કરોડની જોગવાઈ.
- વિભાગની આવાસ યોજનાઓ હેઠળ અનુસૂચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, આર્થિક રીતે પછાત વર્ગો તથા વિચરતી-વિમુક્ત જાતિઓના અંદાજિત ૨૧૫૦૦ લાભાર્થીઓને અપાતી મકાન સહાયમાં રૂ.૫૦ હજારનો વધારો કરવામાં આવે છે. જે માટે રૂ.૪૦૦ કરોડની જોગવાઈ.

## શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ માટે કુલ ૨૭૮૨ કરોડની જોગવાઈ

કમલમ્,

- અમારી સરકારે સ્વરોજગાર થકી આર્થિક વિકાસ માટે કૌશલ્ય વિકાસને પ્રાધાન્ય આપ્યું છે.
- સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓને સુદ્રઢ કરવા ?૨૦૬ કરોડની જોગવાઈ, જે પૈકી આદિજાતિ વિસ્તાર માટે ?૭૩ કરોડની જોગવાઈ.
- શ્રમિક બસેરા યોજના માટે ?૨૦૦ કરોડની જોગવાઈ.
- ઔદ્યોગિક એકમોમાં કુશળ કારીગરો પૂરા પાડવા માટે મુખ્યમંત્રી એપ્રેન્ટીસ યોજના અંતર્ગત ?૧૨૨ કરોડની જોગવાઈ.
- શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત ?૯૦ કરોડની જોગવાઈ.
- બાંધકામ શ્રમિકોને કૌશલ્ય-ધ-સ્કીલ યુનિવર્સિટી મારફતે કૌશલ્ય વર્ધન તાલીમ આપવા ?૭૫ કરોડની જોગવાઈ.
- સરકારી અને ગ્રાન્ટેડ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં સ્ટાઈપેન્ડના હાલના દરોમાં વધારો કરી તાલીમાર્થી દીઠ માસિક ?૫૦૦ કરવામાં આવે છે. જેના માટે ?૭૦ કરોડની જોગવાઈ.
- ધન્વંતરિ આરોગ્ય રથ યોજના અંતર્ગત ?૫૦ કરોડની જોગવાઈ.
- સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓની પ્રાયોગિક તાલીમ, અદ્યતન મશીનરી અપગ્રેડ કરવા માટે ?૪૨ કરોડની જોગવાઈ.
- કૌશલ્ય-ધ-સ્કીલ યુનિવર્સિટી ખાતે ક્ષમતા નિર્માણ અને તાલીમ માટે ?૪૦ કરોડની જોગવાઈ.
- ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા અમલી યોજનાઓ માટે ?૨૯ કરોડની જોગવાઈ.
- કૌશલ્ય-ધ-સ્કીલ યુનિવર્સિટીના બાંધકામ માટે ?૨૭ કરોડની જોગવાઈ.

## વન અને પર્યાવરણ વિભાગ માટે કુલ ૩૧૪૦ કરોડની કુલ જોગવાઈ

કમલમ્,

- રાજ્ય સરકાર "પર્યાવરણને અનુકૂળ ભવિષ્ય, પર્યાવરણને અનુકૂળ અર્થતંત્ર" માટે વન અને વન્યજીવના સંરક્ષણ સાથે નેટ ઝીરોનો લક્ષ્યાંક હાંસલ કરવા અને પર્યાવરણનું રક્ષણ કરવા માટે કટીબદ્ધ છે.
- વન વિસ્તાર બહાર વૃક્ષ આવરણમાં વધારો કરવામાં આપણું રાજ્ય દેશમાં મોખરે છે. રાજ્યમાં વન કવચ હેઠળ મિયાવાકી પદ્ધતિથી વૃક્ષારોપણમાં ખૂબ જ સારી સફળતા મળેલ છે.
- ગુજરાત રાજ્યની અસ્મિતા એવા એશિયાઇ સિંહના સંવર્ધન માટે એક સમગ્ર અને સંકલિત કાર્યયોજના અમલમાં મૂકવામાં આવેલ છે.
- વનોના વિકાસ, સંરક્ષણ અને સંવર્ધનની કામગીરી માટે રૂ.૬૫૫ કરોડની જોગવાઈ.
- વન વિસ્તારની બહારના વિસ્તારોમાં સામાજિક વનીકરણને વેગવંતુ બનાવવા માટે રૂ.૫૬૩ કરોડની જોગવાઈ.
- વન્યપ્રાણીની વ્યવસ્થા અને વિકાસ માટે રૂ.૪૧૬ કરોડની જોગવાઈ.
- વળતર વનીકરણ તેમજ અન્ય વન વિકાસલક્ષી કામગીરીઓ માટે રૂ.૩૭૨ કરોડની જોગવાઈ.
- વનોની ગીચતા વધારવા ટકાઉ વન વ્યવસ્થાપન માટે JICA પ્રોજેક્ટ હેઠળ રૂ.૨૨૫ કરોડની જોગવાઈ.
- હરિત વન પથ યોજના તેમજ મોટા રોપાઓ દ્વારા વૃક્ષારોપણ માટે રૂ.૯૦ કરોડની જોગવાઈ.
- શહેરી વિસ્તારને સુશોભિત કરી હરિયાળુ બનાવવા વન કવચ મોડલ દ્વારા વાવેતર કરવા રૂ.૫૦ કરોડની જોગવાઈ.
- એક જ પ્લેટફોર્મ પરથી વન વિભાગની પ્રવૃતિઓથી માહિતગાર થવા, ITના માધ્યમથી રેલ્વે ટ્રેક પર થતા સિંહના અકસ્માત નિવારવા તથા દક્ષિણ ગુજરાતમાં થતા વન્યપ્રાણી-માનવ વચ્ચે ઘર્ષણ ઘટાડવા કમાન્ડ એન્ડ કંટ્રોલ યુનિટની સ્થાપના કરવામાં આવશે. જે માટે રૂ.૪૦ કરોડની જોગવાઈ.
- સામાજિક વનીકરણ ક્ષેત્રે ખાતાની નર્સરીઓમાં મોટા રોપા તૈયાર કરવા માટે રૂ.૩૮ કરોડની જોગવાઈ.
- રાજ્યના દરિયાકાંઠાને ગ્રીન વોલ થકી સુરક્ષિત કરવાના હેતુથી શરુ કરાયેલ 'મિષ્ટી કાર્યક્રમ' (મેન્ગ્રોવ વાવેતર)ના અમલીકરણમાં ગુજરાત પ્રથમ ક્રમે રહેલ છે. જે માટે રૂ.૧૦ કરોડની જોગવાઈ.
- ઈકો સેન્સિટીવ ઝોનમાં આવેલ ગામોમાં ઈકો ડેવલપમેન્ટની કામગીરી માટે ૯ કરોડની જોગવાઈ.
- પડાલા બેટ, કોરીક્રીક વિસ્તારને ટુરિઝમ પ્લેસ તરીકે વિકસાવવા તેમજ બેટ દ્વારકા ડેવલપમેન્ટ માટે આયોજન.
- કચ્છ વિસ્તારના ચાડવા રખાલ ખાતે હેણોતરો(Caracal) કેપ્ટિવ બ્રિડીંગ સેન્ટર અને ડીસા ખાતે નવીન પ્રાણી સંગ્રહાલય બનાવવા માટે આયોજન.

# શિક્ષણ વિભાગ માટે કુલ ૫૯,૯૯૯ કરોડની જોગવાઈ

કમલમ્,

- ગુજરાતની શિક્ષણ પદ્ધતિ ૨૧મી સદીની આવશ્યકતાઓ અને વૈશ્વિક બજારની માંગ અનુસાર બદલાઈ રહી છે. ટેકનોલોજી, ઈનોવેશન અને કુશળતા વિકાસ દ્વારા વિકસિત ભારત ૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવામાં ગુજરાત અગત્યનો ભાગ ભજવશે.
- મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ અંતર્ગત પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના આશરે ૨૫ હજારથી વધુ વર્ગખંડોના માળખાગત સુધારણા માટે રૂ.૨૯૧૪ કરોડની જોગવાઈ.
- નમો લક્ષ્મી યોજના માટે રૂ.૧૨૫૦ કરોડની જોગવાઈ.
- રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત રાજ્યમાં ખાનગી શાળાઓમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે રૂ.૭૮૨ કરોડની જોગવાઈ.
- નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના અંતર્ગત અંદાજે ૨ લાખ ૫૦ હજાર વિદ્યાર્થીઓને સહાય માટે રૂ.૨૫૦ કરોડની જોગવાઈ.
- એસ.ટી.નિગમની બસોમાં મુસાફરી કરતા વિદ્યાર્થીઓને બસ પાસ ફી કન્સેશન માટે રૂ.૨૨૩ કરોડની જોગવાઈ.
- જ્ઞાનશક્તિ રેસિડેન્શીયલ સ્કૂલ્સ ઓફ એક્સલન્સ માટે રૂ.૨૦૦ કરોડની જોગવાઈ.
- સરકારી પ્રાથમિક શાળાઓ, સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અંદાજીત ૨૨ હજાર કરતાં વધુ શિક્ષકોની ભરતી કરવાની પ્રક્રિયા પ્રગતિમાં છે.
- મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરિટ સ્કોલરશીપ હેઠળ અંદાજે ૭૫ હજાર વિદ્યાર્થીઓને સહાય માટે રૂ.૧૦૦ કરોડની જોગવાઈ.
- મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરિટ સ્કોલરશીપ અંતર્ગત અંદાજે ૯૦ હજાર વિદ્યાર્થીઓને સહાય માટે રૂ.૭૦ કરોડની જોગવાઈ.

**ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ**

- મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના(MYSY) અંતર્ગત અંદાજે ૭૮ હજાર વિદ્યાર્થીઓને સહાય આપવા રૂ.૪૧૦ કરોડની જોગવાઈ.
- એલ.ડી.ઈજનેરી કોલેજ-અમદાવાદ ખાતે ડેમોન્સ્ટ્રેટીવ આર્ટીફિશીયલ ઈન્ટેલિજન્સ લેબ અને અન્ય છ સરકારી ટેકનિકલ સંસ્થાઓ ખાતે આર્ટીફિશીયલ ઈન્ટેલિજન્સ લેબની સ્થાપના માટે રૂ.૧૭૫ કરોડની જોગવાઈ.
- મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના(CMSS) અંતર્ગત ૨૫૦૦ વિદ્યાર્થીઓને સહાય આપવા રૂ.૩૨ કરોડની જોગવાઈ.
- વિદ્યાર્થીઓ ગ્રીન એનર્જી, સેમિકન્ડકટર, ફિનટેક, એરોસ્પેસ વગેરે વિષયોમાં કૌશલ્ય વિકાસ થકી આગામી સમયમાં ઉદ્ભવનાર તકનો લાભ મેળવી શકે તે હેતુથી ગુજરાત ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી (GIT) માટે રૂ.૧૦૦ કરોડની જોગવાઈ.
- રાજ્યનો વિદ્યાર્થી વધુ તેજસ્વી, પ્રતિભાશાળી, જ્ઞાન સમૃદ્ધ અને સ્પર્ધાત્મક બને તે માટે ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ(G3Q) અંતર્ગત રૂ.૩૦ કરોડની જોગવાઈ.
- અમદાવાદના i-Hubની તર્જ પર રાજ્યમાં ૦૪ પ્રાદેશિક કેન્દ્રોની સ્થાપનાનું આયોજન. i-Hub મારફત સ્ટાર્ટઅપ્સ-ઈનોવેટર્સને નાણાકીય સહાય માટે રૂ.૨૫ કરોડની જોગવાઈ.
- શોધ યોજના–(Scheme of Developing High quality research) અંતર્ગત પી.એચ.ડી. કોર્સમાં સંશોધન કરતાં વિદ્યાર્થીઓને આર્થિક સહાય માટે રૂ.૨૦ કરોડની જોગવાઈ.
- NAAC અને NIRF રેન્કિંગમાં સારા પ્રદર્શન હેતુ પાંચ કાર્યરત સરકારી કોલેજોના વર્ગખંડોને સ્માર્ટ ક્લાસરૂમ બનાવવા માટે ૮ કરોડની જોગવાઈ.

# કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે કુલ ૨૨૪૯૮ કરોડની જોગવાઈ

કમલમ્,

- પાક કૃષિ વ્યવસ્થા
- કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોના અવિરત વિકાસ થકી ગુજરાતે સમગ્ર દેશમાં એક આગવી ઓળખ ઊભી કરી છે. રાજ્યનો અન્નદાતા વિવિધ ખેડૂતલક્ષી યોજનાઓ થકી સદ્ધર બન્યો છે.
- Farmer Registry પ્રોજેક્ટ હેઠળ ૩૪ લાખથી વધુ ખેડૂતોના ફાર્મર આઈડી જનરેશન પૂર્ણ કરીને ગુજરાતે દેશમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે.
- ખેડૂતોને વીજ સહાય માટે રૂ.૧૦૬૧૩ કરોડની જોગવાઈ.
- કૃષિ યાંત્રિકીકરણ અંતર્ગત મહત્તમ ખેડૂતોને આવરી લેવા ટ્રેક્ટર ખરીદી સહાય માટે રૂ.૮૦૦ કરોડની જોગવાઈ.
- કૃષિ યાંત્રિકીકરણની મીની ટ્રેક્ટર આધારિત યોજના હેઠળ રાજ્યના તમામ આદિજાતિ અને અનુસૂચિત જાતિના ખેડૂતો માટે ફાર્મ મિકેનાઈઝેશન સહાય વધારવા માટે રૂ.૧૨૨ કરોડની જોગવાઈ.
- કૃષિ યાંત્રિકીકરણના વિવિધ ઓજારોની ખરીદીમાં સહાય આપવા ૫૯૦ કરોડની જોગવાઈ.
- કૃષિ ક્ષેત્રે અદ્યતન ડ્રોન ટેક્નોલોજીના ઉપયોગને પ્રોત્સાહન આપવા અને સીડ રિપ્લેસમેન્ટ રેટમાં વધારો કરવાની યોજના માટે રૂ.૮૨ કરોડની જોગવાઈ.
- નેનો ખાતરના વપરાશને પ્રોત્સાહન આપવાની યોજના માટે રૂ.૭૩ કરોડની જોગવાઈ.
- ખરીફ અને રવિ ઋતુમાં પાક પરિસ્થિતિ માટે ડિજિટલ ક્રોપ સર્વેની નવી યોજના અંતર્ગત રૂ.૪૦ કરોડની જોગવાઈ.
- આદિજાતિ વિસ્તારના ૫૩ તાલુકાઓમાં ખેડૂતોને કૃષિ યુનિવર્સિટીઓના સહયોગથી ખેતરની મુલાકાત લઈ પાકનું સ્વાસ્થ્ય જાળવવા અને ઉત્પાદકતા વધારવા ખેડૂત સુવિધા રથ માટે રૂ.૧૯ કરોડની જોગવાઈ.
- જમીનમાં ઓર્ગેનિક કાર્બનનો વધારો થાય તે હેતુસર ફર્મેન્ટેડ ઓર્ગેનીક મેન્યોર અને લિક્વિડ ફર્મેન્ટેડ ઓર્ગેનીક મેન્યોરના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે રૂ.૧૦ કરોડની જોગવાઈ.
- ૧૩ એગ્રી એક્સપોર્ટ ઝોનનો પ્રી-ફિઝીબિલિટી રીપોર્ટ તૈયાર કરવાનું આયોજન.
- કચ્છ, અમદાવાદ, જુનાગઢ, વડોદરા, હાલોલ ખાતે પાંચ મેગા ફૂડપાર્કનું નિર્માણ કરવાનું આયોજન.
- બાગાયત બાગાયત ખાતાની યોજનાઓ માટે વાર્ષિક વિકાસ કાર્યક્રમ હેઠળ રૂ.૬૦૫ કરોડની જોગવાઈ.
- બાગાયતી પાકોના મૂલ્યવર્ધન માટે ગ્રામ્ય/જૂથ કક્ષાના કલેકશન એકમ તથા સોલાર કોલ્ડ રૂમ એકમો ઊભા કરવા રૂ.૩૦ કરોડની જોગવાઈ.
- વનબંધુ માટે કોલ્ડસ્ટોરેજ ક્ષમતા વધારવા રૂ.૫ કરોડની જોગવાઈ.
- કૃષિ શિક્ષણ રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓ હેઠળ કૃષિ સંશોધન અને શિક્ષણની પ્રવૃત્તિઓને સઘન બનાવવા જામનગર ખાતે નવીન કૃષિ કોલેજ તથા થરાદ ખાતે કૃષિ ઈજનેરી કોલેજની સ્થાપના કરવામાં આવશે. કૃષિ યુનિવર્સિટીઓની માળખાકીય વ્યવસ્થા, વહીવટ અને સંશોધનના ખાસ કાર્યક્રમો માટે કુલ રૂ.૧૦૦૦ કરોડની જોગવાઈ.
- પ્રાકૃતિક કૃષિ પ્રાકૃતિક કૃષિની વિવિધ પ્રવૃતિઓ માટે રૂ.૩૧૬ કરોડની જોગવાઈ.
- નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ માટે રૂ.૯૦ કરોડની જોગવાઈ.
- રાજ્યમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા ગૌ આધારિત બાયો ઈનપુટ યોજના હેઠળ રૂ.૧૦ કરોડની જોગવાઈ.
- પશુપાલન સરકારની વિવિધ સહાયકારી યોજનાઓ જેવી કે, દુધાળા પશુઓના ફાર્મની સ્થાપના, બકરા એકમની સ્થાપના, મરઘાપાલન, પશુઓ માટે કેટલ શેડ અને ખાણદાણ માટેની સહાયનો મહત્તમ લાભ પશુપાલકો મેળવે છે.
- મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના અંતર્ગત કુલ રૂ.૪૭૫ કરોડની જોગવાઈ.
- ગૌચરના રક્ષણ માટે ફેન્સીંગ તથા તેમાં ઘાસચારાનું વાવેતર થઈ શકે તે માટે ડ્રીપ ઈરીગેશન વ્યવસ્થા કરવામાં આવશે. વધુમાં ગૌશાળાઓને માળખાકીય સુવિધાઓ જેવી કે પાણી, વીજળી વગેરેથી સુસજ્જ કરવા માટે આયોજન કરવામાં આવશે.
- રાજ્યની ૨૦૮૯ સરકારી પશુ સારવાર સંસ્થાઓ ખાતેથી વિનામૂલ્યે પશુ સારવાર પૂરી પાડવા મુખ્યમંત્રી નિઃશુલ્ક પશુ સારવાર યોજના હેઠળ રૂ.૪૫ કરોડની જોગવાઈ.
- રાજ્યમાં પશુ આરોગ્ય સેવાઓનો વ્યાપ વધારવા નવા ૨૫૦ સ્થાયી પશુ દવાખાના અને નવા ૧૫૦ ફરતા પશુ દવાખાના શરૂ કરવા માટે કુલ રૂ.૩૪ કરોડની જોગવાઈ.
- ગીર ગાયના આનુવાંશિક ઓલાદ સુધારણા, સંવર્ધન અને સંરક્ષણ માટે પોરબંદરના ધરમપુર ખાતે અત્યાધુનિક સુવિધાઓ ઊભી કરવા રૂ.૨૩ કરોડની જોગવાઈ.
- રાજ્યમાં પશુઓમાં વ્યંધત્વની સારવાર માટેના ૧૮ હજારથી વધુ કેમ્પનું આયોજન કરવા કુલ રૂ.૧૩ કરોડની જોગવાઈ.
- પશુના જન્મ બાદ બે વર્ષ સુધી પાડી-વાછરડીનો વૈજ્ઞાનિક ઢબે ઉછેર કરવા પશુપાલકોને સહાયરૂપ થવા કુલ રૂ.૧૨ કરોડની જોગવાઈ.
- મત્સ્યઉદ્યોગ રાજ્યના નોટીફાઈડ ૧૦૪ મત્સ્ય ઉતરાણ કેન્દ્રો ખાતે માળખાકીય સુવિધાઓ ઊભી કરવા માટે રૂ.૩૬૦ કરોડની જોગવાઈ.
- પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના માટે રૂ.૩૫૩ કરોડની જોગવાઈ.
- ડીઝલ સબસીડી ચૂકવવા માટે રૂ.૩૫૦ કરોડની જોગવાઈ.
- દરીયાઈ મત્સ્યોદ્યોગ ક્ષેત્રે વિવિધ સાધન ખરીદી ઉપર સહાય તેમજ અન્ય બાબત માટે રૂ.૧૪૪ કરોડની જોગવાઈ.
- આંતરદેશીય મત્સ્યોદ્યોગ માટે રૂ.૬૨ કરોડની જોગવાઈ.
- એક્વા કલ્ચર ક્ષેત્રે આગામી ત્રણથી પાંચ વર્ષમાં ઝીંગા ઉત્પાદન બમણુ કરવા વિશેષ પેકેજ માટે રૂ.૫૦ કરોડની જોગવાઈ.
- દરિયાઈ માછલીના ઉત્પાદનોની સ્વચ્છ પરિસ્થિતિમાં જાળવણી માટે બ્લાસ્ટ ફ્રીઝર કોલ્ડ રૂમ માટે રૂ.૫૦ કરોડની જોગવાઈ.
- આદિજાતિ વિસ્તારમાં મત્સ્ય ખેડૂતોને કેજ કલ્ચરના ઈનપુટ ઓપરેશનલ ખર્ચ માટે રૂ.૩૨ કરોડની જોગવાઈ.
- ભાંભરા પાણીમાં કેજ કલ્ચર માટે રૂ.૩૦ કરોડની જોગવાઈ
- ફીશરીઝ બાયપ્રોડક્ટ પ્રોસેસીંગ યુનિટ માટે રૂ.૨૫ કરોડની જોગવાઈ.
- સહકાર કેન્દ્રિય બજેટમાં કિસાન ક્રેડિટ કાર્ડમાં ધિરાણની મર્યાદા રૂ.૩ લાખથી વધારી રૂ.૫ લાખ કરવામાં આવેલ છે. જેના અનુસંધાને રાજ્ય સરકાર દ્વારા ૪% વ્યાજ રાહત આપવા માટે રૂ.૧૨૫૨ કરોડની જોગવાઈ.

ગુજરાત સરકાર

# વિઝન વિકસિત ગુજરાતનું મિશન જનકલ્યાણનું



વિઝન વિકસિત ગુજરાતનું
ગુજરાત બજેટ 2025-26
મિશન જનકલ્યાણનું

## ગુજરાત રાજ્યનું અત્યાર સુધીનું સૌથી મોટું બજેટ

## ₹3 લાખ 70 હજાર 250 કરોડ

રાજ્યના અત્યાર સુધીના ઇતિહાસનું સૌથી મોટા કદના એટલે કે **₹3.70 લાખ કરોડના આ બજેટમાં** કેપિટલ એક્સપેન્ડિચરમાં ગયા વર્ષની તુલનાએ 22.9% નો વધારો

આગામી પાંચ વર્ષમાં ગુજરાતને વિકાસની નવી ગતિ પ્રદાન કરવા **₹50 હજાર કરોડની જોગવાઇ ધરાવતા 'વિકસિત ગુજરાત ફંડ'ની સ્થાપના**

**સુરતની જેમ રાજ્યમાં અન્ય પાંચ રિજીયોનલ ગ્રોથ હબ બનાવાશે**

જેમાં અમદાવાદ, વડોદરા, રાજકોટ, સૌરાષ્ટ્ર કોસ્ટલ અને કચ્છનો સમાવેશ થાય છે

**વિકસિત ગુજરાતને નવી ગતિ આપવા બે નવા ગ્રીનફિલ્ડ એક્સપ્રેસ-વે અને 12 હાઇ સ્પીડ કોરિડોર વિકસાવાશે**

નમોશક્તિ એક્સપ્રેસ-વેના નિર્માણથી ઉત્તર ગુજરાતના ડીસાને સૌરાષ્ટ્રના સમુદ્રી વિસ્તાર પીપાવાવ સાથે જોડવાથી કોસ્ટલ બેલ્ટના ઔદ્યોગિક, સામાજિક, આર્થિક વિકાસને વેગ મળશે.

સોમનાથ-દ્વારકા એક્સપ્રેસ-વેને અમદાવાદ, રાજકોટ અને દ્વારકા, સોમનાથ, પોરબંદર સાથે જોડવાથી દ્વારકા અને સોમનાથ જતા પ્રવાસીઓને વધુ સરળ એર કનેક્ટિવિટી મળશે.

**ઇઝ ઓફ લિવિંગ અને ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ માટેના મહત્વપૂર્ણ નિર્ણયો**

માનનીય વડાપ્રધાનશ્રીની "ગ્રીન ગ્રોથ"ની સંકલ્પનાને સાકાર કરવા અને પર્યાવરણની જાળવણી માટે ઇલેક્ટ્રીક વાહનો પર હાલમાં 6% સુધી અંદાજિત વાહન વેરો અમલમાં છે, તેમાં સંપૂર્ણપણે ઇલેક્ટ્રીક બેટરીથી સંચાલિત વાહનો પર 1 વર્ષ માટે 5% સુધી રીબેટ આપી અસરકારક 1% લેખે વેરાનો દર રાખવાનો નિર્ણય

ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસના મંત્રને લક્ષ્યમાં રાખી સ્ટેમ્પ ડ્યુટીના દરોમાં રાહત અને સરળીકરણનો નિર્ણય

- રાજ્યમાં પ્રવાસન પ્રવૃત્તિઓને વેગ આપવા **અંબાજી કોરિડોર અને ધરોઇ ટુરિઝમ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ**નો વિકાસ કરાશે.
- 2025ના સમગ્ર વર્ષને **શહેરી વિકાસ વર્ષ** તરીકે ઉજવવામાં આવશે. શહેરી વિકાસના બજેટમાં 40%નો વધારો કરીને ₹30 હજાર કરોડથી વધુની ફાળવણી
- ઘરના ઘરનું સ્વપ્ન સાકાર કરવા રાજ્ય સરકારે **પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ)**, ડૉ. આંબેડકર આવાસ યોજના, પંડિત દિનદયાળ આવાસ યોજના તેમજ હળપતિ આવાસ જેવી યોજનાઓની સહાયમાં **₹50 હજારનો વધારો કરીને ₹1.70 લાખ કરવામાં આવી.**
- અંબાજીથી ઉમરગામ સુધીના સમગ્ર આદિજાતિ બેલ્ટમાં વસવાટ કરતાં **વનબંધુઓના વિકાસ માટે ₹30 હજાર કરોડની** ફાળવણી.
- **મત્સ્ય ઉત્પાદન વૃદ્ધિ અને રોજગારમાં વધારો કરવા માટે ₹1622 કરોડના ખર્ચે** માછીમારો માટે માળખાકીય સુવિધાઓનો વિકાસ, સ્ટોરેજ, પ્રોસેસિંગ અને એક્સપોર્ટ માટે સુવિધા ઊભી કરાશે.
- કૃષિ યાંત્રિકીકરણ થકી ખેડૂતોની આવકમાં વધારો કરવા માટે **₹1500 કરોડથી વધુની સહાય**
- યુવાશક્તિ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના આ યુગમાં વિશ્વ સાથે કદમ મિલાવી શકે તે માટે સાત ટેક્નિકલ સંસ્થાઓમાં **AI લેબ** અને સ્ટાર્ટઅપ માટે અનુકૂળ ઇકોસિસ્ટમ ઊભી કરીને સ્ટાર્ટઅપને વેગ આપવા **ચાર રિજિયનમાં i-Hubની સ્થાપ**ના કરાશે.
- નારીશક્તિના **સશક્તિકરણ અને આત્મનિર્ભરતા માટે** નવી મહત્વપૂર્ણ યોજના **'સખી સાહસ યોજના'** નો આરંભ કરાશે. સ્વ-સહાય જૂથની બહેનોને આ યોજનામાં સાધન સહાય, લોન ગેરંટી વગેરે માટે રાજ્ય સરકાર મદદરૂપ થશે.
- ઉજ્જવળ આવતીકાલ સમા **બાળકોના પોષણ માટે ગત વર્ષના બજેટ કરતાં 25 ટકાનો વધારો** કરીને ₹8200 કરોડની ફાળવણી.
- જનતા જૂથ અકસ્માત વીમા યોજનામાં આપવામાં આવતા વીમા સુરક્ષા કવચ ₹50 હજારથી ₹2 લાખ હતું, જેમાં વધારો કરીને **₹2 લાખથી ₹4 લાખ કરવામાં આવી**
- વહીવટી સુધારણા ક્ષેત્રે ગુજરાતનું ઐતિહાસિક કદમ, રાજ્ય સરકાર કરશે **ગુજરાત વહીવટી સુધારણા પંચની** રચના.

"આ બજેટમાં GYAN એટલે કે ગરીબ, યુવાન, અન્નદાતા અને નારીશક્તિના વિકાસ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરાયુ છે. જેથી આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના 'વિકસિત ભારત@2047'ના સંકલ્પને સાકાર કરવા ગુજરાત પોતાનું મહત્વનું યોગદાન આપી શકે."

**શ્રી કનુભાઇ દેસાઇ, માનનીય નાણામંત્રી, ગુજરાત**